ડૉ.બી.જે.બ્રહ્મભટ્ટ વડોદરા જિલ્લા ભાજપના નવા અધ્યક્ષ

ભાજપમાં જિલ્લા પ્રમુખોની નવી નિમણૂક, વડોદરા સહિત ત્રણ જિલ્લાને નવા નેતૃત્વની જવાબદારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ભારતીય જનતા પાર્ટી ગુજરાત દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ નિમણૂકો જાહેર કરવામાં આવી છે. ભાજપ પ્રદેશ પ્રમુખ દ્વારા આજ રોજ જાહેર કરાયેલી આ નિમણૂકો હેઠળ ત્રણ જિલ્લાઓના ભાજપ જિલ્લા પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

જાહેર કરાયેલ યાદી મુજબ, વડોદરા જિલ્લામાં ડૉ. બળદેવભાઈ જીવાભાઈ બ્રહ્મભટ્ટ (ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ)ને જિલ્લા ભાજપ પ્રમુખ

તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે વાવ-થરાદ જિલ્લામાં ડૉ. નરેશભાઈ ઠાકોરને જિલ્લા પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત, સુરેન્દ્રનગર જિલ્લામાં હાર્દિકભાઈ મેરુભાઈ તમાલિયાને ભાજપ જિલ્લા પ્રમુખ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

પાર્ટીના સંગઠનાત્મક માળખાને વધુ સક્રિય અને મજબૂત બનાવવાના હેતુથી આ નિમણૂકો કરવામાં આવી હોવાનું ભાજપ દ્વારા જણાવવામાં આવ્યું છે. નવા નિયુક્ત પ્રમુખો તેમના જિલ્લાઓમાં પાર્ટીના કાર્યને વધુ ગતિ આપવા, કાર્યકરોને સંગઠિત કરવા અને આગામી રાજકીય પડકારો માટે ભાજપને તૈયાર કરવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વડોદરા જિલ્લાના પ્રમુખ તરીકે ડો.બી.જે. બ્રહમભટ્ટની વરણીને ચોમેર આવકાર

ડભોઇ નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ ડો.બી. જે. બ્રહમભટ્ટ ને વડોદરા જિલ્લા ના ભાજપ પ્રમુખ તરીકે ભારે કશ્મકશ પછી વરણી ને જિલ્લા માં ભારે આવકાર મળી રહ્યો છે.

વડોદરા જિલ્લા ભાજપ ના મહામંત્રી તરીકે યશસ્વી કામગીરી કરી હતી તે જ સમયે જિલ્લા પ્રમુખે વાઘોડીયા બેઠક પરથી ઉમેદવારી કરેલ વિધાનસભા ની ચૂંટણી વખતે ડો.બ્રહમભટ્ટે કાર્યકારી પ્રમુખ તરીકે કામગીરી કરેલ જયાં વિધાનસભા ની બેઠકો જીતવા સફળતા મળી હતી આવનાર સમય મા નગરપાલિકા, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ની ચૂંટણી એ કઠીન પરીક્ષા હશે એ નક્કી છે.

ભાજપ ના કાર્યકરો ને એક જુટ રાખવામાં જાદુઈ રીતે સફળ થશે એ નક્કી છે સતા અને સંગઠન માં તાલમેલ રાખવા ની કળા ના માહેર જિલ્લા પ્રમુખ ડો.બ્રહમભટ્ટ ભાજપ માટે સતા ના સફળતા ના શિખરો સર કરશે એવી એમના શુભેચ્છકો એ ફોન થી શુભેચ્છાઓ પાઠવી છે ધારાસભ્ય શૈલેષ મહેતા ડભોઈ શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ ડો.સંદીપ શાહ, શહેર પ્રમુખ દીક્ષિત દવે, શહેર મહામંત્રી હિરેન શાહ, કિરીટ વસાવા નગરપાલિકા પ્રમુખ બિરેન શાહ એ શુભેચ્છાઓ પાઠવી છે.

અત્યાર સુધી 5.66 લાખથી વધુ નાગરિકોએ મેળવ્યું રક્ષણ

છોટાઉદેપુર જિલ્લામાં આયુષ્માન ભારત યોજના ગરીબો માટે બની 'સંજીવની'

રૂ. 3.32 કરોડથી વધુના ક્લેમ મંજૂર

(પ્રતિનિધિ) ડભોઇ, તા.13

ભારત સરકાર દ્વારા ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ શરૂ કરવામાં આવેલી 'આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY)' આજે દેશના કરોડો ગરીબ અને વંચિત પરિવારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. વિશ્વની સૌથી મોટી સરકારી આરોગ્ય વીમા યોજના તરીકે ખ્યાતિ પામેલી આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ વર્ગને આર્થિક તંગીના કારણે સારવારથી વંચિત ન રહેવું પડે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૫ લાખ સુધીની મફત સારવાર આપવામાં આવતી હતી. ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવીને વર્ષ ૨૦૨૩માં આ સહાયમાં ૫ લાખ વધારો કરી તેને રૂ. ૧૦ લાખ કરી દીધી છે. આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં ૧૫૦૦થી વધુ પ્રકારની ગંભીર બીમારીઓ અને સર્જરીનો સમાવેશ થાય છે, જેમાં પહેલાથી રહેલી બીમારીઓ (Pre-existing diseases) માટે પણ પ્રથમ દિવસથી જ કવર મળે છે.

ગુજરાતની પૂર્વ સરહદે આવેલ આદિવસી બહુલક વસ્તી ધરાવતા છોટાદેપુરમાં 'આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY)' યોજના અંતર્ગત આજ સુધીમાં કુલ ૫,૬૬,૬૧૯ લોકોને પી.એમ.જે.એ.વાય. કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મંજુર થયેલ ખાનગી હોસ્પીટલોમાં ગંભીર રોગો માટે રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર આપવામાં છે. આ યોજના હેઠળ અત્યાર સુધી રૂ.૩,૩૨,૯૨,૯૦૦/- નાં ક્લેમ પાસ કરવામાં આવ્યા છે.

દર વર્ષે ચોમાસા ની ઋતુ માં લોકો હેરાન પરેશાન થઇ રહ્યા છે

વાઘીયામહુડાથી કુકાવટી તરફ જવાના માર્ગ ઉપર લો લેવલ નો કોઝવેથી પ્રજા પરેશાન

(પ્રતિનિધિ) નસવાડી, તા.16

નસવાડી તાલુકાના વાઘીયામહુડા ગામે પ્રવેશવાના માર્ગ ઉપર આવેલ લો લેવલ નો કોઝ વે ઉપર ચોમાસા માં જ્યારે પાણી આવી જાય ત્યારે પસાર થવું મુશ્કેલ બને છે ગ્રામજનો વર્ષો થી પુલ ની માંગણી કરી રહ્યા છે પરંતુ તંત્ર દ્વારા ધ્યાન ના આપતા દર વર્ષે ચોમાસા ની ઋતુ માં લોકો હેરાન પરેશાન થાય છે.

નસવાડી તાલુકાના વાઘીયામહુડા ગામમાં 500 જેટલા લોકો ની વસ્તી છે જ્યારે વાઘીયામહુડા થી કુકાવટી તરફ જવાના માર્ગ ઉપર એક કોતર ઉપર લો લેવલ નો કોઝ વે આવેલો

છે આ કોઝ વે 20 વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હતો જ્યારે કોતર મોટુ હોવાથી ચોમાસા માં વરસાદ નુ પાણી ફરી વળે છે ત્યારે કોઝ વે ઉપર થી પસાર થાય છે ત્યારે સ્થાનિક લોકો ને ચોમાસા માં કોઝ વે પસાર કરવામાં મુશ્કેલી પડે છે જ્યારે બાળકો નસવાડી ખાતે શાળાએ ગયા હોય તો પાણી ઉતરવાની રાહ જોવી પડે છે વર્ષો થી ગ્રામજનો પુલ ની માંગણીની કરી રહ્યા છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા આદિવાસી વિસ્તાર ના રસ્તા અને પુલો બનાવવા માટે કરોડો રૂપિયા ગ્રાન્ટ આપે છે પરંતુ વાઘીયામહુડા ગામનો પુલ મંજૂર કરવામાં આવતો નથી ત્યારે સરકારે અને જિલ્લા કલેકટરે ગ્રામજનો ની માંગણી ને ધ્યાન આપીને પુલ મંજૂર કરવો જોઈએ.

બોડેલી તાલુકાના જબુગામ ખાતે તસ્કરો દ્વારા બાઈક ચોરીને અંજામ અપાયું

જબુગામમા અજાણ્યા તસ્કરો દ્વારા ધોળા દિવસે બાઈક ઉઠાંતરી

(પ્રતિનિધિ) બોડેલી, તા.16

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી તાલુકાના જબુગામમા ધોળા દિવસના બેખૌફ તસ્કરો વાહન ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે ત્યારે જબુગામના વાંટા રોડ પરથી બાઈક ચોરી થવા પામી છે. જબુગામમા અજાણ્યા તસ્કરો દ્વારા ધોળા દિવસે બાઈક ઉઠાંતરી કરી નાસી છૂટ્યા છે. બનાવ સંદર્ભે બોડેલી પોલીસ મથકે ફરીયાદ થવા પામી હતી. જબુગામના વાંટા રોડ પર રહેતા અને ડમ્પર ચાલક તરીકે ડ્રાઇવિંગ કરતા વસીમ એહમદભાઈ ખોખરે હીરો કંપનીની સ્પ્લેન્ડર બાઈક નં.જીજે ૩૪ પી ૧૫૪૩ રોજની જેમ પોતાના ઘર આંગણે લોક કરી મૂકી હતી.

સવારે ડમ્પર લઈને વસીમ રેતી ભરવા નીકળી ગયા હતા. તે સમયે બાઈક પાર્ક કરેલી જગ્યાએ હતી પરંતુ બપોરના સમયે ડમ્પરમા રેતી ભરીને ઘર પાસેથી નીકળતા બાઈક જે જગ્યાએ પાર્ક કરી હતી. તે જગ્યાએ હતી નહિ જેથી ઘર આંગણે પાર્ક કરેલી બાઈક ન દેખાતા વસીમે ઘરે તેની પત્નીને મોબાઈલ દ્વારા બાઈક આંગણે ન હોવાનું જાણવા મળતાં બાઈકની શોધખોળ શરૂ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું નહોતું. ત્યારે બાઈક ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતુ બનાવ સંદર્ભે ઘર આંગણે પાર્ક કરેલી બાઈકની ચોરી થઈ હોવાની ફરીયાદ બોડેલી પોલીસ મથકે કરી નોંધાવી હતી. ફરીયાદના આધારે બોડેલી પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભટ્ટશેરી રુદ્રેશ્વર મહાદેવ ના મંદિરે પાલખી યાત્રા આવતા પૂજા અર્ચના કરી

શિનોર ખાતે મહાશિવરાત્રી પર્વની શ્રદ્ધા પૂર્વક ઉજવણી કરવામાં આવી

ભંડારેશ્વર, મંગલનાથ, અને રુદ્રેશ્વર મહાદેવ ત્રણેય ભાઈઓનું અનોખું મિલન કરાવી તેમની પાલખિયાત્રામાં હજારો શિવ ભક્તો જોડાયા

(પ્રતિનિધિ) શિનોર, તા.16

શિનોર નર્મદા કિનારે આવેલ ભંડારેશ્વર મહાદેવ, માલસર ના મંગલનાથ મહાદેવ અને શિનોર ભટ્ટશેરી ના રુદ્રેશ્વર મહાદેવ શિવરાત્રી ના દિવસે છેલ્લા આઠ દાયકા થી ચાલતી આવેલ પરંપરા મુજબ શિનોર ના ભૂદેવો બે પાર્ટ મા વહેંચાઈ જઈ

ત્રણેય ભાઈઓને તેમના સ્થાને થી પાલખી મા બિરાજમાન કરી રાણાવાસ મુકામે ત્રણેય ભાઈઓનું મિલન કરાવ્યું હતું.

ત્રણેય ભાઈઓ ભેગા થતા તેમના દર્શન અને પૂજા અને મહા આરતીનો હજારો શિવભક્તો એ લાભ લીધો હતો. ત્યારબાદ શિનોર મા આવેલ શિવાલયો માર્કંડેશ્વર મહાદેવ, બાલેશ્વર મહાદેવ, કેદારેશ્વર મહાદેવ શિવાલય મા પધારતા તેમનું પૂજન કરી આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ મહાદેવો ની પાલખી યાત્રા શિનોર નગરમાં બેન્ડબાજા સાથે નીકળતા ભાવિક ભક્તો ગરબા સાથે હર હર મહાદેવ ના જય ઘોસ કરતા શિનોર નગર શિવમય બની ગયું હતું.

મોડી રાત્રે ભટ્ટશેરી રુદ્રેશ્વર મહાદેવ ના મંદિરે પાલખી યાત્રા આવતા પૂજા અર્ચના કરી ત્રણેય ભાઈઓને પોતાના સ્થાને ભૂદેવો દ્વારા લઈ જવામાં આવ્યા હતા. બ્લોક : રાણાવાસ થી બસ સ્ટેન્ડ રણછોડજી મંદિરે પહેલીવાર પાલખીયાત્રા લઈ જવાતા

લર્નિંગ ઈન્સ્ટિટ્યૂટમાં બે દિવસીય સાંસ્કૃતિક "સ્પાર્કલ"ની ઉજવણી

(પ્રતિનિધિ) શિનોર, તા.16

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી છોટુભાઈ એ. પટેલ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂટમાં શૈક્ષણિક વર્ષ 2025-26 અંતર્ગત બે દિવસીય સાંસ્કૃતિક વાર્ષિકોત્સવ "સ્પાર્કલ"નું ઉત્સાહભર્યું અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ દિવસે રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

અંગ્રેજી માધ્યમના વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે શાળાના પૂર્વ વિદ્યાર્થિની શના પાવીવાલા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ગુજરાતી માધ્યમના વાર્ષિકોત્સવમાં પાયલ રાઠવા, તેમજ અમેરિકા સ્થિત અને પોતાના વતન વણાદરા (તા. ડભોઇ) ખાતે સરકારી શાળામાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં સતત પ્રયત્નશીલ ધનશ્યામ પટેલ અને સુમિત્રાબેન પટેલ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બન્ને કાર્યક્રમોમાં મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મધમાખી પાલન : એક ઉભરતો વ્યવસાય વિષય પર સેમેનાર

જિલ્લા કલેકટર ગાર્ગી જૈનની ઉપસ્થિતિમાં સિહાન્દ્રા ખાતે ખેડૂત સેમિનાર યોજાયો

અંદાજે 200 થી વધુ ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

છોટાઉદેપુર જિલ્લા બાગાયત વિભાગ, છોટાઉદેપુર દ્વારા "મધમાખી પાલનઃ એક ઉભરતો વ્યવસાય" વિષય પર મધમાખી પાલનમાં રસ ધરાવતા ખેડૂતો માટે એક માર્ગદર્શક સેમિનારનું આયોજન સંખેડા તાલુકાના સિહાન્દ્રા ગામે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનની ઉપસ્થિતિમાં "એકતા ફોરેસ્ટ ફાર્મ" ખાતે કરવામાં આપી આવ્યું હતું.

સેમિનારમાં મધમાખી પાલન વ્યવસાયના વિવિધ પાસાઓ અંગે

ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં મધમાખી પાલનના લાભો, મધ ઉત્પાદન, મોમ અને અન્ય ઉપઉત્પાદનો, બજાર વ્યવસ્થા, તાલીમ અને સરકારની યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તેમજ ખેડૂતોને આ વ્યવસાયથી વધારાની આવક કેવી રીતે મેળવી શકાય તે અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૨૦૦ થી વધુ ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ સેમિનારમાં નાયબ બાગાયત નિયામક, આણંદ કૃષિ યુનિવર્સિટીના વરિષ્ટ વૈજ્ઞાનિક ડૉ. અનિલ મેકવાન તથા ડૉ. વિનય પટેલ, મધમાખી પાલન વ્યવસાયના વિનોદભાઈ નકુમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

એનઆઈએસ મેનેજમેન્ટ લિમિટેડનું નાણાકીય વર્ષ 26માં સ્થિર પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સિક્યોરિટી, ફેસિલિટી મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનિક સિક્યોરિટી અને સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત અગ્રણી ઈન્ટિગ્રેટેડ સર્વિસ પ્રોવાઈડર એનઆઈએસ મેનેજમેન્ટ લિમિટેડ (BSE: 544495) એ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. ત્રીજા ત્રિમાસિકમાં કંપનીએ 103.77 કરોડની કુલ આવક નોંધાવી હતી. આ સમયગાળા દરમિયાન EBITDA 5.69 કરોડ રહ્યો, જ્યારે EBITDA માર્જિન 5.48 ટકા નોંધાયો. ચોખ્ખો નફો (PAT) 2.83 કરોડ રહ્યો અને શેર દીઠ કમાણી 1.43 નોંધાઈ હતી. નાણાકીય વર્ષ 26ના પ્રથમ નવ મહિનામાં કંપનીની કુલ આવક 318.66 કરોડ રહી છે.

ઇનોવેશન એજ્યુકેશન ફેસ્ટિવલ-2026

સૂર્યાઘોડા ગ્રુપની શિક્ષિકાની પસંદગી થતા ગૌરવની લાગણી

દક્ષાબેનનું ઇનોવેશન "સહાભ્યાસિક પ્રવૃત્તિ પરિવર્તનનું સાધન" શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર નવાચાર તરીકે માન્ય થયું

(પ્રતિનિધિ) બોડેલી, તા.16

ઇનોવેશન એજ્યુકેશન ફેસ્ટિવલ-2026 અંતર્ગત ઝોન કક્ષાનો કાર્યક્રમ તા. 9 થી 11 ફેબ્રુઆરી દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આણંદના માર્ગદર્શન હેઠળ નોલેજ કેમ્પસ બાકરોલ આણંદ ખાતે યોજાયો હતો. આ ફેસ્ટિવલમાં સાત (7) જિલ્લાઓમાંથી નવીન શિક્ષણ કાર્ય માટે કુલ 8 શિક્ષકોની રાજ્ય કક્ષાએ પસંદગી કરવામાં આવી છે. તેમાં છોટાઉદેપુર જિલ્લાના

બોડેલી તાલુકાની સૂર્યાઘોડા ગ્રુપ શાળાની શિક્ષિકા રાઠવા દક્ષાબેન વેલજીભાઈની પસંદગી થતા સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે.

દક્ષાબેનનું ઇનોવેશન "સહાભ્યાસિક પ્રવૃત્તિ પરિવર્તનનું સાધન" શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર નવાચાર તરીકે માન્ય થયું છે. તેઓ વિજ્ઞાનના નાના-નાના પ્રયોગો, પેપર વર્ક, પેઈન્ટિંગ, દેશી-વિદેશી રમતો અને કલાત્મક માનવ રચના જેવી પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસને રસપ્રદ અને અનુભૂતિ આધારિત બનાવે છે.

પાદરા નગરમાં મહાશિવરાત્રીના પાવન પર્વે હિન્દુ એકતા સંગઠન દ્વારા સૌપ્રથમવાર...

મહાશિવરાત્રીએ "શિવજી કી સવારી" શોભાયાત્રા

અંબાશંકરી મંદિરમાં પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ ભવ્ય શોભાયાત્રા નગરમાં પ્રવેશી

(પ્રતિનિધિ) પાદરા, તા.16

પાદરા નગરમાં મહાશિવરાત્રીના પાવન પર્વે હિન્દુ એકતા સંગઠન દ્વારા સૌપ્રથમવાર "શિવજી કી સવારી"ની ભવ્ય શોભાયાત્રા આયોજિત કરવામાં આવી હતી. અંબાશંકરી મંદિરે ભવ્ય મહાઆરતી સાથે યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આરતી પ્રસંગે પાદરાના પૂર્વ ધારાસભ્ય દિનુમામા, નગરના આગેવાનો, નગરપાલિકાના

સભ્યો, સંગઠનના કાર્યકરો તેમજ વિવિધ સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવમય બનાવ્યો હતો.

અંબાશંકરી મંદિરમાં પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ ભવ્ય શોભાયાત્રા નગરમાં પ્રવેશી હતી. યાત્રા માર્ગ પર અનેક પોળો, ફળિયા અને ચાર રસ્તાઓ પર ભક્તજનો દ્વારા આરતી અને ફૂલવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ખાસ કરીને નવાપુરા ચાર રસ્તા નજીક સંતરામ મંદિર ખાતે મહંત શ્રી મોહનદાસજી મહારાજ તથા વિસ્તારના પાલિકા સભ્યો અને રહીશો દ્વારા ભવ્ય મહાઆરતી યોજાઈ હતી.

યાત્રા દરમિયાન ડી.જે. સાઉન્ડ સાથે ભક્તિમય સંગીતના નાદ ગૂંજી ઉઠતા નગર શિવમય બની ગયું હતું. "હર હર મહાદેવ"ના જયઘોષ સાથે હજારો ભક્તો જોડાયા હતા. શોભાયાત્રાના ભવ્ય દૃશ્યો અને શ્રદ્ધાભાવથી પાદરા નગર આખું ભક્તિરસમાં રંગાઈ ગયું હતું.

હિન્દુ એકતા સંગઠન દ્વારા પ્રથમવાર આયોજિત આ ભવ્ય શિવજી કી સવારી પાદરા નગર માટે ઐતિહાસિક બની રહી હતી. નગરજનોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

હોળીના વધામણાં લઈને આવતા કેસૂડાં સોળે કળાએ ખીલી ઉઠયાં

(પ્રતિનિધિ) સંખેડા, તા.16

દર વર્ષની જેમ ફુલ ગુલાબી ઠંડી વિદાય લે તે પહેલા જ હોળી ના વધામણા લઈને આવતા કેસૂડાં એ સોળે કળાએ ખીલી ઉઠયાં છે, વનરાય ફૂલો નો મહારાજા કેસૂડો ખાસ કરીને હોળી ના દિવસો નજીક ખીલી ઉઠતા હોય છે. લગભગ ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં મહોરતો કેસૂડો કેટલાક વિસ્તારોમાં પોતાનો રંગ બતાવતાં અચરજ લાગી રહ્યું હતું. સંખેડાનાં જંગલોમાં હાલ કેસરી ચાદર પાથરીને નયનરમ્ય દ્રશ્યો સર્જાયા છે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે સમગ્ર ગુજરાતમાં "આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ"

કરજણ તાલુકામાં સમાવિષ્ટ 7 આંગણવાડી કેન્દ્રોનું નવીનીકરણ કરવામાં આવ્યું

વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પણ નવીનીકરણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ

(પ્રતિનિધિ) કરજણ, તા.16

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સમગ્ર ગુજરાતમાં "આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ" હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના કાયાકલ્પની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ઝુંબેશ અંતર્ગત વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં સમાવિષ્ટ આંગણવાડી ખાંધા, બોડકા, દીવી, કંડારી-૪, વેમારડી, કુરાલી-૨ અને કુરાઈ-૨ એમ કુલ સાત કેન્દ્રો ખાતે નવીનીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

મહત્વનું છે કે, વડોદરા જિલ્લાની અન્ય આંગણવાડી કેન્દ્રોમાં પણ નવીનીકરણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાયુક્ત બનાવવાનો છે. આ પ્રક્રિયા હેઠળ કેન્દ્રોમાં આકર્ષક રંગરોગાન તેમજ જરૂરી નાના-મોટા સમારકામની કામગીરી કરવામાં આવી છે.

નવીનીકરણ બાદ આંગણવાડીના ભૂલકાઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે વધુ સુવિધાજનક, સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ મળશે. આ ઉપરાંત, આધુનિક સુવિધાઓ સાથેનું આનંદદાયક શૈક્ષણિક વાતાવરણ બાળકોના પાયાના શિક્ષણમાં સહાયરૂપ બનશે.